માંગરોલની ગાદી અને હીંદુ ભાઈઓ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

પટેલ હસન મહમદ અસમાલ [illegible]

મુ. કખર. વાયા પાલેજ. જીલ્લે ભરૂચ.

...૧૯૮૫ પ્રત ૧૦૦૦ ... સન ૧૯૨૮
...તક માસ નવેમ્બર

સુરત, બરાનપુરી ભાગળ ભાજીવાળી પોળમાં આવેલા શ્રી ...ણિકા વિજય" પ્રી. પ્રેસમાં હરગોવનદાસ કીશનદાસે છાપ્યું.

કીમત રૂ૦ ૦-૧-૦

અનુપમ કિતાબ ગુજરાતી કૉપીરાઇટ

નુરે રોશન.

તસવ્વુફ–બ્રહ્મજ્ઞાન અને સલુકનો એક અખુટ ખજાનો

હિંદુ મુસ્લિમ જોડાણની એક ઉમદા સાંકળ.

ખુદાને ઓળખવાનું એક ઉત્તમ સાધન.

માંગરોલની ગાદીવાળા પીરઝાદાઓના એક મહાન વડીલ પીર શાહ કાયમુદ્દીન બાવા સાહેબની કીતાબ "નુરે રોશન" જે રૂહાનીયતનો ખજાનો અને ખુદાઇ જ્ઞાનનો ભંડાર છે તેમાં જ્ઞાનની ઉંડી વાતો અને છુપા ભેદોનો સંગ્રહ છે. તે પીર સાહેબના મુરીદો ઘણીજ સાચવણથી રાખતા હતા અને કોઇને પણ આપતા નહોતા. હાલ તે કિતાબ મેળવી તેની ઉપર શરેહ લખી ગુજરાતીમાં બહાર પાડી છે. હિંદુ અને મુસલમાન બંનેને વાંચક લાયક છે. ખાસ કરી ઇલ્મે રૂહાનીના તરસ્યાઓ માટે તે આબે હયાતની ગરજ સારે છે. બસો બત્રીસ પાનાનું દળદાર પુસ્તક છે. ગ્લેઝ કાગળ, સોનેરી નામ સાથના પાકા પુંઠાની કીંમત ત્રણ રૂપીઆ. પોસ્ટેજ જુદું. નીચેને સરનામે લખો.

એડીટર "ઝુલ્ફિકાર" હરીપુરા–સુરત.

માંગરોળની ગાદી અને હીંદુ ભાઇઓ.

દરેક જાણ જાણે છે કે માંગરોળના પીરની ધાર્મિક ગાદી આખા મુંબાઈ ઇલાકામાં સઉથી મોટી છે અને તે બધે બધ સારી રીતે જાણીતી છે. આ ગાદીના મહાન ઓલીયાઓએ કોઇ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર આખા ગુજરાત દેશમાં જ્ઞાનનો ફેલાવ ઘણા સારા પ્રમાણમાં કરેલો છે અને એમનું સાહિત્ય પણ ઘણું બહોળું છે. આ ગાદીના મહાત્માઓએ ખુદાઈ જ્ઞાનની વાતો એવા ઉમદા રસ્તામાં જનસમાજ આગળ મુકી છે કે જેને જોઇને દરેક માણસ દંગ થઇ જાય છે. મુસલમાન ભાઇઓને આ ગાદીથી લાભ થયો છે એટલુંજ નહીં, પણ હીંદુ ભાઇઓ માટે પણ તેણે ઘણું કરી દેખાડ્યું છે.

જીવદયા માટે હીંદુ ભાઇઓ ઘણો પ્રયાસ કરે છે પણ તેમની કોશીસ પણ જોઇએ તેટલી હજુ ફળીભુત થઇ શકી નથી, પરંતુ આ ગાદીના એક મહાન ઓલીયા એકલબારાવાળા પીર કાયમદીન બાવા સાહેબે એને માટે તમામ કોમોના લોકોમાં એટલી તો સજ્જડ છાપ બેસાડી છે કે તેમની દરગાહની તમામ હદમાં જીવહીંસા કરવી તો એક બાજુએ રહી પણ કોઇથી જીવહીંસાનું નામ પણ લઇ શકાતું નથી. બલકે જે ભાઇઓ માંસાહારી હોય છે તેમને પણ તેમની દરગાહની હદમાં જ્યાં સુધી રહેવાનું હોય છે ત્યાં સુધી તેઓ શાકભાજી ઉપરજ રહે છે. તેઓ એ વાત ચોકસ પણે માને છે કે

એ જગામાં જીવહીંસા કે માંસાહારની વાતને કદી ટેકો મળતો નથી, કારણ કે એ પીર સાહેબ ખાસ ફળાહારી અને જીવદયાના હીમાયતી હતા. તેમને આ દુનિયાથી પડદે થવાને દહોડસો કરતાં વધુ વરસ થઇ ગયાં છે પણ તેમણે જીવદયાનો જે પાયો નાખેલો છે તે હજુ પણ જેવો ને તેવો આબાદ છે, બલકે તેને દિવસે દિવસે મજબુતીજ મળતી જાય છે. માંસાહારી ભાઇઓમાં અહીંસા અને જીવદયાની લાગણી જો કોઇએ પણ સફળ રીતે પેદા કરી હોય તો તે આ મહાન ઓલીયાજ છે. શું હીંદુ ભાઇઓ ઉપર આ ઓછો ઉપકાર છે?

તે પછી બીજા મહાન પુરૂષ પીર મોટા મીયાં સાહેબ (પહેલા) પ્રગટ થાય છે અને તેમણે જીવ દયા સાથે ગાયના પાલન માટે એટલું બધું જોર દીધેલું છે અને તેમાં તેમણે એટલી બધી સફળતા મેળવેલી છે કે એવી સફળતા કોઇને ભાગ્યેજ મળી હશે. તેમનો ઉપદેશ હમેશાં એ હતો કે "કોઈ જાનવરને મારવું તેના કરતાં પોતાના મનને મારવું એ વધારે સારૂં છે. કોઈ પ્રાણીનું માંસ ખાવું તેના કરતાં ગમ ખાવો બેહતર છે." ગાય વિષે પોતે ફરમાવતા કે "તે એક ઉમદા પ્રાણી છે, અને તેનું ઉપયોગીપણુ જોતાં ખાત્રી થાય છે કે ખુદા તાલાએ તેને માણસના સુખ માટે પેદા કર્યું છે. દુધ, દહીં, ઘી, વગેરેનો ડગલે ડગલે ખપ પડે છે અને તે પ્રાણી તે સર્વને જોઇએ તેટલું પુરૂં પાડે છે. સાધુઓને છાશનો ખપ પડે છે, એટલે મહાત્માઓની હાજત પણ એનાથી પુરી પડે છે. ખેડુતોની ખેતીનો આધાર પણ તેના ઉપરજ છે. લાખો માણસો તેનાથી પળે છે. તેનું દુધ એવું તો હલકું અને ગુણવાળું હોય છે કે તેનાથી

બાળક તેમજ મોટું માણસ એક સરખી રીતે ફાયદો મેળવે છે, માટે તેનો વેલો વધારવામાં ઘણો લાભ છે," વિગેરે એ મહાન ઓલીયાએ ઉપદેશ આપેલો છે. આ ઉપદેશ પણ દહોડસો વરસ ઉપર આપેલો છે અને એજ પ્રથા આજ પણ ચાલુ છે. હાલના ગાદીપતિ પીર મોટામીયાં સાહેબ પણ એજ ઉપદેશ આપે છે અને ભાર દઇને કહે છે કે "ઘેર ઘેર ગાય" આખા દેશમાં રખાવી જોઇએ.* આપણા હિંદુ ભાઇઓમાં જીવદયા અને ગૌપાલનનું કામ વગર પઇસે કોઇકજ કરનારા નીકળશે, પણ આ ગાદીના મહાત્માઓએ તો શરૂથી આજ સુધી હિંદુ ભાઇઓનું આ ખાસ કામ વગર પઇસે ઘણાજ ઉત્સાહથી કરી દેખાડયું છે, જેને માટે હીંદુ ભાઇઓ તેમનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે.

પીર કાયમદીન બાવા સાહેબે જેમ મુસલમાન ભાઇઓને ફાયદો પહોંચાડયો છે તેમ હીંદુ ભાઇઓને પણ ફાયદો પહોંચાડવામાં તેઓ પાછા પડયા નથી. જીવણ ભગત અને તેમની બેહેન રતનબાઇ તથા પુંજા ભગત વિગેરે હીંદુ જાતીના હતા, તેમને છુટે હાથે જ્ઞાનની પ્રસાદી આપવામાં તેમણે જરા પણ પાછી પાની કરી નથી. આ લોકો પુર્ણપદને પામ્યા છે એવું તેમની વાણી (ભજનો) ઉપરથી સાફ દેખાય છે, અને એ બધા આ મહાન પીરનોજ પ્રતાપ છે. આ સિવાય બીજા પણ ઘણા હીંદુ ભાઇઓને તેમનાથી જોઇએ તેવો લાભ મળેલો છે. આ પીર સાહેબને હીંદુ ભાઇઓ

---

* આ કામ માટે તેઓ આખા મુંબાઇ ઇલાકામાં ફર્યા છે એટલુંજ નહી, પણ પંજાબ અને સીંધ સુધી પણ જઇ આવ્યા છે.

ઉપર ઘણોજ પ્રેમ હતો. મહી નદીના કિનારે આવેલા તમામ હીંદુ ઠાકોરો અને ખાસ કરીને એકલબારાના ઠાકોર સાથે તેમને ઘાડો સંબંધ હતો અને એ સંબંધને લીધેજ તેમની લાશ મર્યા પછી પણ એકલબારે આવી હતી. તેઓ ખાનદેશ જીલ્લાના શાહદા તાલુકાના ઘોકડા ગામે પડદે થયા હતા, પણ એકલબારેથી જતી વખતે ત્યાંના ઠાકોરને પોતે વચન આપી ગયા હતા કે " તારો પ્રેમ એવો છે કે હું પાછો જરૂર એકલબારે આવીશ. જો જીવતો નહીં આવું તો મુવે પણ આવીશ." અને એ વચન પોતે મરીને પણ પાળ્યું. હવે આના કરતાં હિંદુ ભાઇઓ માટે વિશેષ લાગણી બીજી કઇ હોઇ શકે ? આવો ચોખ્ખો મામલો છે તો પછી હીંદુ ભાઇઓ એ પીરને માને એમાં નવાઇ જેવું શું છે ?

પીર મોટામીયાં સાહેબે પણ દ્વેષોડસો વરસ ઉપર શુકલતિર્થમાં રહેતા એક સાધુને માટે ખાસ કાળજી રાખી તેને ખરો માર્ગ બતાવ્યો હતો અને તેનું કલ્યાણ કર્યું હતું. બીજા પણ કેટલાક સાધુઓને ભેદભાવ રાખ્યા વગર તેમણે જ્ઞાનનો લાભ આપ્યો હતો જેથી તેઓ પોતાના દેહનું સાર્થક કરવા ભાગ્યશાળી થયા હતા. તે ઉપરાંત તેમણે બ્રાહ્મણ, વાણીઆ, પાટીદાર, રજપુત, કોળી, ભીલ વિગેરે જ્ઞાતીના ભાઇઓને પણ ઘણોજ ફાયદો પહોંચાડ્યો હતો અને ઘણાના કામ કર્યાં હતાં. નાંદોદ રાજ્યની ગાદી અને વાંસદા રાજાની ગાદી પણ હાલના રાજકર્તાઓના વડીલોને આ પીર સાહેબના વંશજોના આશિર્વાદથીજ મળી હતી. એવા તો બીજા ઘણાએ દાખલા છે જે એ ગાદીના પીરોના હીંદુ ભાઇઓ પ્રત્યેના પ્રેમ વિશેના જાણીતા

છે. આ બધા દાખલા જો ભેગા કરવા બેસીએ તો એક પુસ્તક અલાગ તેટલા નીકળે એમ છે. હજી પણ એ ગાદીના પીરોની લાગણી હીંદુ ભાઇઓ માટે તેટલીજ છે, કારણ કે તે અસલથી હીંદુ મુસ્લિમ એકતાની હિમાયત કરતી આવી છે.

હાલના પીર મોટામીયાં સાહેબ પણ એજ પ્રમાણે વર્તી રહયા છે. તેમણે સચીન રાજનો નાયબ દીવાન જેવો મોટો હોદ્દો જતો કરી લોકોની સેવા કરવાનું કામ ઉપાડયું છે અને તેમણે કોળીઓ ભીલો અને અંત્યજોને હમેશાં સારો બોધ કરી દારૂ તાડી જેવી હાનીકારક વસ્તુઓ તેમની પાસે છોડાવી છે અને તેમને ભક્તી માર્ગે ચડાવી પ્રભુ ભજન તરફ દોર્યા છે જેથી એ ભાઇઓને ઘણોજ ફાયદો કરી આપ્યો છે. જો ખરૂં પુછો તો હીંદુ મુસ્લિમ એકસંપી ઉપરાંત દારૂ નિષેધ અને અંત્યોધ્ધારનું ખરૂં કામ તેમણે વગર પઇસે કરી દેખાડયું છે. તેમણે એ કામ માટે બીજાઓની માફક કોઇની પાસે કાંઇ પણ ફાળો માંગ્યો નથી. આવા વગર પઇસે કામ કરનારા કેટલા નીકળશે? આ ઉપરાંત આજે પણ કોઇ હીંદુઓનું કામ આવે છે તો તેઓ મફત કરી આપે છે અને તેમને માટે હમેશાં બનતી કોશીશ કરવામાં ચુકતા નથી. આ હકીકત જે હીંદુ ભાઇઓ તેમના સહવાસમાં આવે છે તે સારી પેઠે જાણે છે.*

---

* તેમની આવી લાગણી માટે તો કેટલાક મુસલમાન ભાઇઓ વગર સમજે તેમાથી છેડાયા હતા અને આજ પણ કેટલાક છેડાએલા રહેતા હશે પણ વખત આવે તે સઉ મટી જશે.

મુંબઇના હીંદુ ભાઇઓએ તેમની ભલી કોશીશો માટે બે સોનાના ચાંદ આપવા માધવ બાગમાં મોટી મીટીંગ કરી હતી પણ તેમણે તે ચાંદ નહીં સ્વીકારતાં ચોખ્ખું કહી આપ્યું હતું કે હું તમારી વગર પઇસે સેવા કરવા હમેશાં તૈયાર છું.

થોડા વખત ઉપર શેત્રુંજયાની જાત્રાના કર વિશે પાલીતાણા દરબાર અને જૈન ભાઇઓ વચ્ચે જબરો કજીઓ ઉભો થયો હતો ત્યારે પણ આ પીર સાહેબે નિખાલસપણે જૈન ભાઇઓની તરફેણ કરી હતી, અને જબરી દલીલો કરી તેમના કામને જાહેર ટેકો આપ્યો હતો જેનો સરકારે પણ નોંધ લીધી હતી, અને આખરે જૈન ભાઇઓ ફતેહમંદ નીવડયા હતા. તેમણે આ કામ માટે સબળ દલીલોવાળી એક બુક તૈયાર કરી તેની હજારો કોપીઓ પોતાના ખરચે લોકોમાં મફત વહેંચી હતી છતાં જૈનો પાસે તે માટે એક પાઇ પણ માગી નહોતી. આ હીંદુ ભાઇઓની લાગણી નથી તો બીજું શું છે?

ઈ૦ સ૦ ૧૯૨૭ ની સાલમાં આખા ગુજરાતમાં વરસાદનું ભારે તોફાન જાગ્યું અને પાણીની દુઃખદાયક રેલ આવી ત્યારે પણ આ પીર સાહેબ ભારે વરસાદમાં કેડ કેડ પાણીમાં બધે જાતે ફર્યા હતા, અને તમામ ગરીબોને દિલાસો આપી તેમને દરેક વાતે મદદ કરવા કરાવવા દરેક કોશીશ કરી હતી જેનો સારી રીતે અમલ તેમણે થયો હતો. આ કામ માટે પણ તેમણે પોતાને કે પોતાના માણસોને માટે એક પાઇનો પણ ફાળો બીજાઓની માફક કોઇની પાસે માગ્યો ન હોતો. બધે પોતાનાં ખરચેજ ફર્યા હતા. આમાં તેમણે નાતજાતનો

જરા પણ ભેદ ગણ્યો ન હોતો. આ તેમની પરોપકાર બુધ્ધી અને શુભ લાગણી નથી તો બીજું શું છે?

ઇ૦ સ૦ ૧૯૨૮ની સાલમાં મુંબાઇની કોરપોરેશને કેટલાક હીંદુ સુધારકોના કહેવાથી પોતાની તમામ નિશાળોમાં ભણતા બાળકોને એકજ પવાલામાં પાણી પીવાડવાનો ફરજીયાત ઠરાવ પસાર કર્યો ત્યારે આખા મુંબાઇ ઇલાકાના સનાતની હીંદુભાઇઓની ધાર્મિક લાગણી બેહદ દુઃખાઈ. તેમણે મુંબાઇમાં આ ઠરાવ સામે વાંધો ઉઠાવવા માધવબાગમાં એક જબરી મીટીંગ બોલાવી હતી તેમાં પીર સાહેબ પણ શામીલ થયા હતા. અને તેમણે હીંદુભાઈઓની તરફેણમાં એવી તો સચોટ દલીલો તે વખતે રજુ કરી હતી કે ઠરાવ કરનારા હરી ગયા હતા. અને પાછળથી કોરપોરેશને પોતાનો ઠરાવ રદ કર્યો હતો. હવે જો તેમને હીંદુ ભાઇઓની લાગણી ન હોય તો તેમને આવી ખાસ હીંદુઓનેજ લગતી બાબતોમાં સામીલ થવાની કાંઇ જરૂર નહોતી. પણ આપણે જાણીએ છીએ કે તેઓ દરેક કોમને પ્રેમની નજરથી જુવે છે અને દરેકને અડચણ વખતે હમેશાં બનતી મદદ કરે છે. આવું છે તેથીજ તમામ કોમના માણસો તેમને માને છે અને તેમની પાસે વારંવાર જાય છે.

બીજા ધર્મગુરૂઓ એશ આરામમાં મોજમજા ઉડાવે છે ત્યારે આ ધર્મગુરૂ હમેશાં ગામેગામ ફરે છે અને લોકોની સેવા બજાવે છે, અને પોતાના આરામનો ભોગ આપે છે. જ્યાં આવી પરોપકાર વૃત્તિ હોય ત્યાં તમામ લોકો તેમને માને એમાં નવાઈ શું? અહીં નાત જાતનો સવાલ શું છે! કબીર સાહેબ, રોહીદાસ, સૂપચ ભગત વિગેરે કઇ જ્ઞાતીના હતા અને આજે તેમનું સ્થાન કેવું છે? જ્યારે એવા

લોકો હિંદુઓમાં મોટા મહાત્મા ગણાઇ ગયા છે તો પછી આવા એક ઉંચ કુટુંબના બાદશાહી ફકીરને લોકો મોટા મહાત્મા અને જગતગુરૂ માને એમાં અજાયબ થવા જેવું શું છે? આમાં ખોળીયાનો કાંઈ સવાલ નથી. ખોળીયું ગમે તેનું હોય, આપણે તો અંદરની ખરીજ વસ્તુ જોવાની છે. મચ્છાવતાર, કચ્છાવતાર, વરાહઅવતાર વિગેરેમાં ખોળીયું નથી જોવાયું તો અહિં તે શી રીતે જોવાય? એ ખોળીયામાં કોણ છે અને તે શું કામ કરે છે તેજ આપણે જોવાનું છે અને ખરી હકીકત એજ છે. આત્માની જાત પુછાતી નથી તેમ સાધુ-ફકીરની જાત પણ પુછાતી નથી પણ તેના કામ અને ગુણ પુછાય છે. કહ્યું છે કેઃ—

જાત ન પુછીએ સંતકી, પુછ લીજીએ જ્ઞાન,
મૂલ કરો તલવારકા, પડા રહેનેદો મિયાન.

આપણે આપણું કામ કરવાનું છે, નાત જાત સાથે આપણે શું કામ છે. એક નિશાળમાં હલકી જાતીનો માસ્તર હોય છે તેની પાસે ઉંચી જ્ઞાતીના છોકરાઓ પણ શિક્ષણ લઇ ફાયદો મેળવે છે. તે વખતે નાત જાતનો સવાલ કોણ ઉભો કરે છે? અહીં તો માત્ર પોતાનો લાભ લોકો જુવે છે, નાત જાત જોતા નથી. તેજ પ્રમાણે આ હકીકત છે. વળી રજપુત રાજાઓ અને ઠાકોરો બલકે મુસલમાન નવાબો અને સરદારોના ત્યાં બ્રાહ્મણો, વાણીઆ, અને તેવાજ બીજા ઉચા ભાઇઓ પેટને ખાતર તેમની સેવા ચાકરી કરે છે ત્યારે કોણ નાત જાત જુવે છે? તે ઉપરાંત ઢેડ કે ભંગી પાસેથી કામકાજ અંગે પઇસા, રૂપીઆ કે નોટો ઉંચી જાતના લોકો લે છે ત્યારે પણ

કોણ નાત જાત જુવે છે? આવી બાબતોમાં નાત જાતનો સવાલ આવી શકતો નથી તો પછી સાધુ પણા–ફકીરીની બાબતમાં તે શી રીતે આવી શકે? ભલે તમે તમારો વહેવાર સાચવો, એમાં કોઇ ના કહેતું નથી પણ મહાત્માઓની વાતમાં શા માટે આવી વાતો ઉભી થવી જોઇએ? આપણે તેમના ગુણથી કામ છે, નાત જાતથી કામ નથી. શ્રી રામચંદ્રજી તથા શ્રી કૃષ્ણજી ક્ષત્રી કુળના હતા. ક્ષત્રી કુળ એ બ્રાહ્મણ કુળથી ઉતરતું કહેવાય છે છતાં મોટા મોટા બ્રાહ્મણો શ્રી રામચંદ્રજી અને શ્રી કૃષ્ણ મહારાજના નામની માળાઓ ફેરવે છે, તો એ ગુણનીજ માળાઓ છે કાંઈ નાત જાતની નથી. મહાત્માઓની બાબતમાં ગુણનોજ સવાલ છે, અને ગુણ એજ મોટી વસ્તુ છે. ઓલીયાઓ અને પીરો પણ મહાત્માજ છે કારણકે તેઓ જગતને ફાયદો પહોંચાડવાનુંજ કામ કરે છે. તેમણે જો નાત જાતનો સવાલ રાખ્યો હોત તો તેઓ હિંદુ ભાઇઓને પોતાની જગામાં આવવા દેતજ નહિ, કે તેમનું કોઈ પણ કામ તે કરતજ નહીં; પણ તેમણે એવું કશું રાખ્યુંજ નથી.

માંગરોળની ગાદીના મહાન પીરોએ હમેશાં નાત જાતનો ભેદ રાખ્યા વગર તમામ ભાઇઓનું કલ્યાણ ઇચ્છયું છે અને હમેશાં લોકોને ફાયદો પહોંચાડયો છે અને એજ કારણથી ઘણા લાંબા વખતથી તેમના ઉરસો–જયંતીઓ દર વરસે થયા કરે છે. આ ઉરસોમાં ઘણા લોકો ભેગા થાય છે અને તેમાં હીંદુ મુસલિમ એકસંપીનું પણ સારૂં તત્વ હોય છે. ને ઉપરાંત આ ઉરસોથી ફાયદોજ થાય છે. કારણકે ઉરસોમાં ઘણી દુકાનો આવે છે, જબરો વેપાર ચાલે છે, અને સારો નફો થાય છે તેમાં મોટી સંખ્યા હિંદુ દુકાનદારોનીજ હોય છે,

વળી આ ઉરસમાં ગાડાં વાળા, મોટરો વાળા, બીજા મજુરો વિગેરે પણ વધારે ભાગે હિંદુ હોય છે જેમને સારી રોજી મળે છે. તે ઉપરાંત ગાયકવાડી રાજ્યની રેલ્વે તથા રાજપીપલા (નાંદોદ) રાજની રેલ્વેને પણ તેથી ઘણો નફો થાય છે અને આ રાજ્યો પણ હિંદુ રાજકર્તાઓના હોવાથી એ નફો પણ તેમના ત્યાં જાય છે. આથી સાફ જણાય છે કે આ ઉરસોથી હિંદુ ભાઇઓને કોઇ પણ જાતનું નુકસાન નથીજ. આ ઉરસોમાં હિંદુ મુસલમાનો બધાજ એક સંપીથી પોતાનું કામ કરે છે અને ફાયદો મેળવે છે એટલે ઉરસો વાળી જગાઓ હિંદુ મુસ્લિમ એકતાનાં મથંકાજ છે. હિંદુ મુસલમાનો બંને એક ઠેકાણે ભેગા થઇ પોતાનો ધંધો કરે અથવા પોતાના નફાનુ બીજુ કાંઈ કામ કરે તેમાં વટાળ જેવું કે નુકસાન જેવું શું છે? સેંકડો હિંદુઓ આ ઉરસોમાં ભાગ લે છે તો તેમને પુછો કે તમને શું નુકસાન થયું છે? ત્યારે ઉરસો અને પીરો વિરૂદ્ધ પોકાર ઉઠાવવાનું કારણ શું? તેમણે આપણું શું બગાડયુ. છે? તેમણે તો વગર પઇસે આપણી સેવા બજાવી છે, અને હજુ એ સેવા ચાલુજ છે.

હાલના પીર મોટામીયાં સાહેબ ભીલ કોળી અને અંત્યજોને ઉપદેશ આપી તેમની પાસે દારૂ તાડી મુકાવે છે અને તેમને ભકતી માર્ગે ચડાવે છે, અને લોકોને "ઘેર ઘેર ગાય" પાળવા બધે ફરી બોધ કરે છે, અને આ કામ તેઓ ઘણા વખતથી વગર પઇસે કરે છે. હવે કેટલાક લોકો આપણામાં એવા પણ છે કે જે ભીલોના અને અંત્યેજોના ઉદ્ધારના નામે તથા ગાયોના નામે લોકો પાસેથી હમેશાં ફાળા ઉઘરાવે છે પણ તેથી કામ કાંઈ થતું નથી. લોકો ફાળો આપતી વખતે તેમને આ પીર સાહેબનો દાખલો આપી

તેમની માફક વગર પઇસે કામ કરવા કહે છે તો તેઓ ચુપ થઈ જાય છે અને પીર સાહેબને પોતાના ફાળા ા કામમાં એક નડતર જેવા સમજે છે. આથી તેઓ પીર સાહેબને પોતાના રસ્તામાંથી ખસેડવા હીંદુ ભાઇઓ આગળ તેમને ખોટા રૂપમાં ચીતરે છે અને પોતાની વાતને મજબુતી આપવા તેમને હીંદુભાઇઓના વિરોધી અને તેમને ભ્રષ્ટ કરનારા બતાવવા કોશીશ કરે છે! આ છે પીર સાહેબનો ગુન્હો! આથીજ તેમના ઉપર નકામા હુમલા થાય છે અને તેમને બદલામ કરવામાં આવે છે. નહીં તો અમે તો તેમને કોઇ દિવસ કોઇ પણ હીંદુને ભ્રષ્ટ કરતાં કે નુકસાનમાં નાખતાં જોયા નથી. એવી વાતો હીંદુ મુસલમાનોને લડાવવાનો તથા લોકો પાસેથી ફાળા ઉઘરાવી પોતાનું પેટ ભરવાનો જે લોકો ધંધો લઇ બેઠા છે તેઓ કદાચ ઉપાડતા હશે. તેઓ પીર સાહેબની માફક વગર પઇસે કામ કરતા નથી પણ રાત દીવસ પઇસા ઉઘરાવે છે અને પોતાના સ્વાર્થની ખાતર નકામા હીંદુ મુસલમાનોમાં કજીઆ ઉભા કરી બંનેને નુકસાનમાં નાખે છે. જો આવું ન હોય તો કહો કે આવા ઝગડાથી આપણુને આજ સુધીમાં શું ફાયદો થયો છે? બંને ભાઇઓમાં બેદીલી પેદા થઈ છે, માથાં ફુટયાં છે, ખુનો થયાં છે, કેસો પાછળ લાખો રૂપીઆનું નુકસાન થયું છે, સેંકડો ભાઇઓ જેલમાં ગોંધાયા છે, સજા પામેલાઓના ઘર બરબાદ થયાં છે, તેમના છોકરાં ભુખે ટળવળી રહયાં છે. આ દુઃખદ સ્થીતી થઇ છે તો પણ એ ઝગડાખોરોને સંતોષ થતો નથી. અને હજુ પણ હીંદુ મુસલમાનોને લડાવવાનોજ તેઓ ધધો કરી રહયા છે. આ છે પીર

સાહેબને બદનામ કરનારા અને તેમને ખોટા ચીતરનારા! પણ તેમણે સમજવું જોઇએ કે લોકો આવી વાતોથી હવે જાણકાર થઇ ગયા છે એટલે હવે ચુપ બેસવામાં ફાયદો છે. આમ ભાઇઓ ભાઇ ઓમાં લડાઇ કરાવવાથી કાંઈ લાભ નથી. હવે ફાળા ઉઘરાવવાનું અને નીંદા કરવાનું પડતું મુકી કાંઇ ધંધો પકડો કે તમને અને દેશને લાભ થાય. સારા પુરૂષોનું બુરૂં બોલવાથી કોઇને ફાયદો થયો નથી કે થવાનો નથી. માંગરોલના મહાન પીરોએ જે કામ કર્યું છે તે કોઇથી અજાણ્યું નથી. તેમણે કોમ કોમ વચ્ચે અસલથી જરા પણ તફાવત ગણ્યો નથી, કે કોઇને નુકસાન પહોંચાડયું નથી, બલકે બધાનાજ કલ્યાણ માટે તેમણે કોશીશ કરી છે જે આ પુસ્તક વાંચવાથી જણાઈ આવશે.

હીંદુ મુસલમાનોમાંથી કજીઆ દુર થાય એ હેતુથીજ આ પુસ્તક તૈયાર કરી બહાર પાડવામાં આવ્યું છે કે ભાઇઓ એ ગાદીના મહાત્માઓથી વાકેફ થાય. સ્વામી અખંડાનંદ જેમણે "સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય" કાયમ કર્યું છે તેમણે "મુસ્લીમ મહાત્માઓ" નામનું એક ઉમદા પુસ્તક બહાર પાડયું છે તેથી મુસ્લીમ મહાત્માઓનાં એવાંતો ઉમદા જીવન ચરિત્રો જાણવામાં આવ્યાં છે કે તેની કાંઈ હદ નહીં. સ્વામીજીએ એ પુસ્તકના નિવેદ-નમાં ૨૦ મા પાને લખ્યું છે કે "ઋષીમુનિઓ 'બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ' એવું ઉપદેશી ગયા છે. જો એ કથન સાચુંજ હોય તો આ ગ્રંથમાં વર્ણવેલા મુસ્લીમ મહાત્માઓને બ્રાહ્મણ, ઋષી. અથવા મહાત્મા કહેવા એ કોઈ પણ રીતે ખોટું કે વધારા પડતું નહીં

ગણાય. "સ્વામીજીએ ઘણા મુસ્લીમ મહાત્માઓનાં જીવન ચરિત્ર તે પુસ્તકમાં આપ્યાં છે, અને તેમાં તેમણે ભલામણ કરી છે કે હીંદુ લેખકોએ મુસલમાન ધર્મની ખુબી પોતાની કોમના લોકોને સમજાવવી જોઇએ અને મુસલમાન લેખકોએ હીંદુ ધર્મની ખુબી પોતાની કોમના લોકોને સમજાવવી જોઇએ. સ્વામીજીનું આ કથન મને ઘણુંજ સારૂ લાગ્યું છે અને તેથીજ હું આ પ્રયાસ કરૂં છું.

આ પુસ્તકમાં જે હકીકત આપવામાં આવી છે તે એ ગાદીન ઓલીયાઓ વિશે લખાએલાં જુદાં જુદાં પુસ્તકો તથા વર્તમાન પત્રે ઉપરથી લેવામાં આવી છે. એ મહાત્માઓના ચારિત્રમાં ઘણુ જાણવાનું મળે એમ હોવાથી હું તે તમામ આ પુસ્તકનાં રૂપમાં ભાઇઓ આગળ રજુ કરૂં છું તો આશા છે કે ભાઇઓ તેને બરાબર જોશે અને તેથી લાભ મેળવશે.

પ્રકાશક.